## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



તને મોબાઈલ બહુ આવડી ગયો છે ને... તો આજથી તારા મોબાઈલમાં ક્રીપ્ટો કરન્સી નાખી દઉ છું... તારે તેનાથી ખરીદી કરી લેવાની...

# સરગાસણ પાસેની કાંસની ગંદકીથી સમગ્ર વિસ્તારમાં દુર્ગંધનું સામ્રાજ્ય

**વાસણા હડમતીયા - સરગાસણથી પસાર થતી કાંસમાં ગેરકાયદેસર રીતે ગટરનું દૂષિત પાણી છોડાતું હોવાની રાવ : ગંદકીના કારણે માખી-મચ્છરોનો ઉપદ્રવ વધતાં રોગચાળાનો ખતરો : દુર્ગંધથી સરગાસણ ઓવરબ્રીજ પરથી પસાર થતા વાહનચાલકો પણ ત્રસ્ત**

ગાંધીનગર તા.૧૮

ગાંધીનગર શહેરની એક તરફ સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૧ અંતર્ગત દેશના સૌથી સ્વચ્છ કેપિટલનું બહુમાન પ્રાપ્ત થયું છે પરંતુ શહેરમાં અનેક સ્થળો એવા છે કે જ્યાં ગંદકી ઉડીને આંખે વળગે છે એટલું જ નહીં પરંતુ કેટલેક સ્થળે તો ગંદકીથી સર્જાતી દુર્ગંધથી પણ સમગ્ર વિસ્તાર ના રહીશો ત્રાહીમામ પોકારી જાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાંથી પસાર થતી વરસાદી પાણીના નિકાલની કાંસમાં ભરાયેલા દૂષિત પાણીના કારણે આશરે અડધા કિલોમીટરના વિસ્તારમાં દુર્ગંધનું સામ્રાજ્ય ફેલાયું છે જેના કારણે આ વિસ્તારના રહીશો ત્રસ્ત થઈ ચુક્યાં છે.

ગાંધીનગરના વાવોલ, વાસણા હડમતીયા, સરગાસણ, પોર, કુડાસણ થઈ અમદાવાદ તરફ જતી વરસાદી પાણીના નિકાલ માટેની કાચા તળિયાવાળી કેનાલ જેવી કાંસ સમગ્ર વર્ષ દરમ્યાન ચોમાસા સિવાય મોટેભાગે સૂકી રહેતી હોય છે. સરગાસણ વિસ્તારમાં આ કાંસમાં નજીકના વિસ્તારો જેવા કે વાસણા હડમતિયા અને સરગાસણના કેટલાંક બિલ્ડરો દ્વારા તેમની રહેણાંકની સ્કીમોના ગટરના પાણીના



નિકાલની પાઈપલાઈનનું કનેક્શન આ કાંસમાં આપી દીધું હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આ કારણે ચોમાસામાં પણ સંપૂર્ણ રીતે વહેતી ના હોય તેવી કાંસમાં અત્યારે દૂષિત પાણીનો ભરાવો થઈ રહ્યો છે આથી આ પાણીનો આગળ ક્યાંય નિકાલ થવાની જગ્યા ના હોવાથી ગંદા કાદવ કીચડ સાથે અત્યંત દુર્ગંધનો માહોલ છવાઈ રહ્યો છે. વળી આ ગંદકીમાં માખી- મચ્છર જેવા રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ વધી જવાથી કાસની આસપાસનાં વિસ્તારમાં વિકસેલા ફલેટ તથા અન્ય રહેણાંક સોસાયટીઓના રહીશોના આરોગ્ય પર પણ ખતરો મંડરાઈ રહ્યો છે. વળી આ ગંદકીને કારણે પ્રસરી રહેલી અત્યંત દુર્ગંધથી 'ખ' રોડ ઉપરાંત સરખેજ ગાંધીનગર હાઈવે સરગાસણ ચાર રસ્તા પર બનેલા ઓવરબ્રીજ પરથી પસાર થતાં વાહન ચાલકો પણ ભારે પરેશાનીનો સામનો કરી રહ્યાં છે. સત્વરે કાંસમાં ફેલાયેલી ગંદકીનો નિકાલ કરાય અને કાંસમા જોડી દેવાયેલા ગેરકાયદેસર ગટર કનેકશનો ને બંધ કરી જવાબદાર તત્વો સામે પગલાં ભરાય તેવી આ વિસ્તારની જનતામાં માંગ પ્રવર્તી રહી છે.

## ખૂણેખાંચરેથી

- ઠંડીનું જોર વધતાં જન-જીવન આજે ખોરવાઈ જવા પામ્યુ હતુ.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીએ આજે તાલુકા વિકાસ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.
- રાજ્ય સરકારે આજે પાંચ નાયબ સચિવ અને ૭ ઉપસચિવોની બદલીના હુકમો જારી કર્યા છે.
- દહેગામ-ગાંધીનગર રેલ્વે અન્ડરપાસનો માર્ગ તુટતાં હવે તે ૨૦ દિવસ બંધ રહેશે. આ રીપેરીંગની કામગીરીને લઈ વાહનચાલકોને ડાયવર્ઝન આપવામાં આવ્યુ છે. આ રિપેરીંગ કામ ૨૦ ડિસે. થી ૮ જાન્યુઆરી સુધી ચાલશે.
- રાજ્ય સરકારે સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારીની બદલીના હુકમો જારી કર્યા છે. નવા ડી.ડી.ઓ. તરીકે ડી.એચ. શાહની નિમણુંક કરવામાં આવી છે.
- ૨૫ થી ૩૧ ડિસે. દરમ્યાન રાજ્યભરમાં સુશાસન સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણી દરમ્યાન વિવિધ કાર્યક્રમોના આયોજનો હાથ ધરવામાં આવ્યા છે.
- બે દિવસ બાદ બેંકો આજથી પુનઃ શરૂ થતાં ગ્રાહકોની લાઈનો બેંકોમાં જોવા મળી હતી.
- આજે અવાજના પ્રદૂષણને લઈ ટાસ્ક ફોર્સની બેઠક અધિક નિવાસી કલેકટરની ચેમ્બરમાં બેઠક મળી હતી.
- વાયબ્રન્ટ સમિટ માટે ૪૮૮૪ કંપનીઓએ ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે ૪૨૦૦થી વધુ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

## ત્રિ-મંદિર પાસેથી એકસેસની ચોરી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સેકટર-૪ બી પ્લોટ નં.૪૨૧-૧ ખાતે રહેતા હિતેશ પરમાર પોતાનું એકસેસ નં.જી.જે.૧૮.સી.જી.૨૩૩૧ નો ઉપયોગ નોકરી એ આવન જાવન માટે કરે છે. હિતેશ પરમાર પોતાનું એકસેસ લઈને અડાલજ ત્રિ મંદિર પાસે મોમાઈની ખુલ્લીજગ્યામાં પાર્ક કરીને સવારે કડી ખાતે નોકરી ગયા હતા. ત્યારબાદ સાંજના સાડાચાર વાગે નોકરી થી પરત આવીને જોયુ તો એકસેસ ગાયબ હતું. પોતાની રીતે શોધખોળ કરવા છતા એકસેસ મળી આવ્યુ ન હતું. ત્યારબાદ અડાલજ પોલીસ મથકે રૂ.૧૬ હજારના એકસેસ ચોરી અંગે ગુનો નોંધાવ્યો છે.

## શહેરના સેકટર-૭ પોલીસ મથકે મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ જવાનો માટે શનિવારના રોજ સવારે મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

તાજેતરમાં ગાંધીનગરના બે વિવિધ પોલીસ મથકમાં ફરજ બજાવતા બે પોલીસ કર્મચારીના અપમૃત્યુ થયા હોવાની ઘટનાને કારણે પોલીસ બેડામાં હડકંપ મચી જવા પામ્યો હતો. જેને પરિણામે પોલીસ સ્ટાફ સતત તણાવગ્રસ્ત રહેતો હોવાની દહેશત વ્યકત કરવામાં આવી હતી. આથી ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા તેમજ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા જિલ્લાના પોલીસ મથકના જવાનોનું મેડીકલ ચેકઅપ કરાવવા માટે જણાવાયું હતું. જેને પગલે સેકટર-૭ પોલીસ મથક દ્વારા સ્ટાફના જવાનોનું મેડીકલ ચેકઅપ કરાવવા માટે આજે સવારે કેમ્પનું આયોજન કરાયુ હતું. જેમાં થાઈરોઈડ, બ્લડ પ્રેશર, ડાયાબીટીસ, હિમોગ્લોબીન અને કોલેસ્ટોરલ સહિતના વિવિધ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. પોલીસ જવાનોએ આ મેડીકલ કેમ્પમાં મોટીસંખ્યામાં ભાગ લીધો હતો.

## શિવશકિત હોટલના પાર્કિંગમાંથી કારનો કાચ તોડી બેગની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૮

ખોરજ શિવશકિત ઢાબા પાસે પાર્ક કરેલી ગાડીનો કાચ તોડી અંદર રહેલી બેગની ઉઠાંતરી થઈ છે. બેગમાં લેપટોપ, પેનડ્રાઈવ, જીયો કંપનીનું ડોંગલ તેમજ ટુલબેગ સહિત રૂ.૧૭,૪૦૦ ના મત્તાની ચોરી થવા પામી છે. બનાવ અંગે યુવકે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વિશાલ અમદાવાદ ઈસનપુર પુષ્પ બી-૩ ખાતે રહેતા રાજેશભાઈ મિત્તલ સાએકસ કંપનીમાં સર્વિસ એન્જીનિયર તરીકે નોકરી કરે છે. વિશાલભાઈ નોકરી આવન જાવન માટે હોન્ડા અમેજ કાર નં. જી.જે.૨૭.સી.એમ.-૭૪૪૫ ઉપયોગ કરે છે. ત્યારે ગત તા.૧૬ ડિસેમ્બરના રોજ વિશાલ અને તેનો મિત્ર રાત્રીના સાડા આઠ વાગે ખોરજ શિવશકિત ઢાબા ખાતે જમવા માટે ગયા હતા.તે સમયે હોટલ પાસે ગાડી પાર્ક કરી હતી. જયારે બીજા મિત્રો આવવાના હોવાથી રાહ જોઈ રહ્યા હતા. તે સમયે સિક્યુરીટી ગાર્ડે આવીને કહ્યું કે તમારી ગાડીનો ખાલી સાઈડના આગળના દરવાજાનો કાચ તુટી ગયેલ છે. જેથી જઈને જોતા ગાડીમાં મુકેલી બ્લેક કલરની બેગ હતી નહી. જે બેગ કંપની તરફથી આપવામાં આવી હતી.જયારે તેમાં ડેલ કંપનીનું લેપટોપ કિં.૧૫ હજાર, બે પેન ડ્રાઈવ રૂ.૨૦૦, ડોંગલ કિં.૭૦૦ અને ટુલ કીટ કિ.૧૫૦૦ હતી.ગાડીનો કાચ તોડી બેગ ચોરીને ચોર શખ્સો પલાયન થઈ જતા યુવકે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે શુભેચ્છા સમારોહ યોજાયો



ચિલોડા, તા. ૧૮

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે ત્રણ કર્મચારીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ત્રણ સેવક મિત્રોનો નિવૃત વિદાય કાર્યક્રમમાં ગૌતમભાઈ ભટ્ટ, ગોવિંદભાઈ વાઘેલા, જયંતિભાઈ વાઘેલાનો શુભેચ્છા સમારોહ યોજાયો હતો. તેમાં કાર્યક્રમના અધ્યક્ષ તરીકે સંયોજક રમેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીની ગીતા દેસાઈએ ગીત રજૂ કર્યુ હતુ. ત્યારબાદ ત્રણેય નિવૃત થનાર મિત્રોને સુતરની આંટીથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મેમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થી પ્રતિનિધિ તરીકે પ્રતિભાવોમાં જતીન થોરાત અને મિલ્કા હિલીમે પ્રતિભાવો આપ્યા હતા. અધ્યાપક અને સેવકોમાંથી ગૃહપતિ મોહનભાઈ પટેલ, અધ્યાપક ડૉ. દિવ્યેશ ભટ્ટ, ડૉ. ગાયત્રીદત્ત મહેતા, ડૉ. ધ્વનિલ પારેખે પ્રતિભાવો આપ્યા હતા. ત્યારબાદ અધ્યાપક બળદેવભાઈ મોરીએ કોની રે સગાયિયું અમને સંભાળે રે ગીત રજૂ કર્યુ હતુ. ત્યારબાદ ગૌતમભાઈ ભટ્ટે ગીત રજૂ કરી તેમના અનુભવો કહ્યા હતા. ગોવિંદભાઈએ વાંસળી વગાડી અને સંસ્થાના ૨૫ વર્ષ સુધી કરેલા કાર્યોની યાદ તાજી કરી હતી. કાર્યક્રમના અધ્યક્ષ સંયોજક રમેશભાઈ પટેલ અધ્યક્ષીય પ્રવચન આપ્યું હતું. જગદીશ પરીખે ગીત રજૂ કર્યુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. મોતીભાઈ દેવુંએ કર્યુ હતુ. કાર્યક્રમમાં સમગ્ર મહાવિદ્યાલયનો સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યો હતો.

## એપોલો સર્કલ પાસે કારની અડફેટે એકટીવા ચાલક ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર એપોલો સર્કલ પાસે અજાણી કારની ટકકરે એકટીવા ચાલકને શરીરે ઈજાઓ પહોંચી હતી. જેથી ઈજાગ્રસ્તને સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે અજાણી કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ અમદાવાદ ગોતા શુકન ગ્લોરી સી-૫૦૨ ખાતે રહેતા જીતેન્દ્ર ફકીરભાઈ પટેલ (ઉં.૫૪) માતા અને તેમના મોટાભાઈ મહેશભાઈ સાથે રહે છે. મહેશભાઈ અપરિણિત છે અને ચિલોડા ખાતે પાન પાર્લર ખાતે નોકરી કરે છે. જયારે જીતેન્દ્રભાઈ છુટક કાપડની એજન્સી કામ કરે છે. એકટીવા નં. જી.જે.૦૧.એન.પી.-૬૮૬૭ ઉપયોગ મહેશભાઈ નોકરીએ આવન-જાવન માટે કરે છે. ત્યારે ગત તા.૯-૧૨-૨૧ ના રોજ સવારના સમયે અજાણ્યા વ્યકિતનો ફોન આવ્યો હતો અને જીતેન્દ્રભાઈને જણાવ્યું હતું કે મહેશભાઈ અગોરા મોલથી નરોડા તરફ જઈ રહ્યા હતા તે સમયે અપોલો સર્કલ પાસે અજાણ્યા વાહને એકટીવાને ટકકર મારી અકસ્માત કરતા તેઓને શરીરે ઈજાઓ પહોચી છે. જેથી ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જેથી જીતેન્દ્રભાઈ તાત્કાલીક ગાંધીનગર સિવિલ પહોંચ્યા હતા. ત્યાં જઈને જોયુ તો મહેશભાઈને માથાના ભાગે તેમજ ડાબા પગે ઢાંકણીનું ફ્રેકચર થયાનું જણાવ્યું હતું. જયારે મહેશભાઈને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા.બનાવ અંગે જીતેન્દ્રભાઈએ ઈન્ફોસીટી ખાતે અજાણી કાર ચાલક સામે ગુનો નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

## સ્વચ્છ રૂપાલ સ્વસ્થ રૂપાલ અભિયાન

**રૂપાલ ગામમાંથી અત્યાર સુધી ૨૦૦ ટન જેટલો કચરો ડમ્પિંગ સાઈડમાં ઠલવાયો : ચૂંટણી બાદ ગ્રામજનોને ૩૦૦૦ કચરાના ડબ્બાનું વિતરણ કર્યુ**




ગાંધીનગર, તા. ૧૮

રૂપાલ ગામની અંદર સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ અંતર્ગત ભીનો અને સૂકો કચરો અલગ લેવાની કામગીરી સુંદર રીતે ચાલી રહી છે. જેમાં ગ્રામજનોનો સાથ-સહકાર મળવાથી સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ અભિયાન સકારાત્મક રીતે ચાલી રહ્યું છે.

સ્મોલ સ્ટેપ સંસ્થા જે ડુંગરપુર, રાજસ્થાનની છે તેના સહયોગથી રૂપાલ ગામને સ્વચ્છ બનાવવા માટેના ખૂબ પ્રયાસો ચાલી રહ્યા છે. રૂપાલ ગામને ગૃહપ્રધાન અમિતભાઈ શાહ દ્વારા દત્તક લેવામાં આવ્યું છે. સંસદ સભ્યોના દત્તક ગામો પૈકીનું રૂપાલ ગામ છે. ગામમાં મહિલા મિટીંગો અને રાત્રી મિટીંગો કરીને ગ્રામજનોને સ્વચ્છતા બાબતે જાગૃત કરવામાં આવે છે. ગ્રામ પંચાયત અને સ્મોલ સ્ટેપ એનજીઓના સહયોગથી કચરાગાડીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભીનો કચરો, સૂકો કચરો, એકત્રિત કરવામાં આવે છે અને ગામમાં ડોર ટુ ડોર જઈને કચરાગાડીમાં કચરો ભેગો કરવામાં આવે છે. રૂપાલ ગામથી બે કિલોમીટર દૂર ડમ્પીંગસાઈડ બનાવવામાં આવી છે. જયાં ભેગો કરેલો કચરો લઈ જવામાં આવે છે. આ કચરામાંથી પ્લાસ્ટિક દૂર કરીને સેન્દ્રિય ખાતર તૈયાર કરવામાં આવે છે. આ ડમ્પિંગસાઈટનું આયોજન ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવ્યું છે અને દરરોજનો ૧ ટન જેટલો કચરો ભેગો થાય છે તેવું રૂપાલના તલાટી-મંત્રી ગૌતમભાઈ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું.

ગાંધીનગરમાં પણ કચરાગાડીઓ ડોર ટુ ડોર કચરો લેવા માટે જાય છે, પરંતુ તેમને જોઈએ તેવો સંપૂર્ણ સાથ સહકાર મળતો નથી. ઘણા વિસ્તારમાં કચરાગાડીઓવાળા સાથે રહિશોની બોલાચાલી થાય છે. કચરો લેવા બાબતે ફરિયાદો કરવામાં આવે છે. કચરાગાડીઓવાળા નિયમિતપણે ન આવતા હોવાથી રહિશો ગમે તે જગ્યા પર કચરો ઠાલવી આવે છે તેવા બનાવો બની રહ્યા છે. જયારે રૂપાલ ગામમાં આ પ્રકારની ઘટનાઓ જોવા મળતી નથી. તેથી શહેરીજનોએ તથા જવાબદાર તંત્ર દ્વારા રૂપાલ ગામનું સ્વચ્છ રૂપાલ સ્વસ્થ રૂપાલ અભિયાન જોઈને સારી પ્રેરણા લેવી જોઈએ. શહેરને સ્વચ્છ બનાવવા માટે એક માત્ર સાચું ઉદાહરણ છે. રૂપાલ ગામને સ્વચ્છ બનાવવા માટે ગ્રામજનો તરફથી જેમ સહયોગ મળી રહ્યો છે તેમ ગાંધીનગરમાં પણ શહેરીજનોએ સહયોગ કરવો જોઈએ. રૂપાલ ગામમાં નિયમિત રીતે કચરાગાડી દ્વારા કચરો એકત્રિત કરવામાં આવી રહ્યો છે. તેથી ગ્રામજનોએ બહાર કચરો ફેંકવા જવાની જહેમત ઉઠાવવી પડતી નથી. રૂપાલ ગામથી ૨ કિ.મી. દૂર ડમ્પિંગસાઈટ બનાવી છે ત્યાં બાઉન્ડરી બનાવવાનું કામ ચાલી રહ્યું છે. આમ તંત્ર દ્વારા રૂપાલ ગામને સ્વચ્છ બનાવવા માટે તમામ પ્રકારના પ્રયાસો ચાલી રહ્યા છે. પાણીની વ્યવસ્થા, ગટરની વ્યવસ્થા, રોડ-રસ્તા વિગેરેની સુવિધાઓ કરવામાં આવી રહી છે. રૂપાલ ગામમાંથી અત્યાર સુધી ૨૦૦ ટન જેટલો કચરો ડમ્પિંગ સાઈટમાં કચરો ઠાલવવામાં આવ્યો છે અને તેનું સેન્દ્રિય ખાતર બનાવવાની પ્રક્રિયા ચાલી રહી છે. ચાલો, આપણે પણ શહેરને સ્વચ્છ બનાવવા માટે સકારાત્મક રીતે સહયોગ આપીએ અને શહેરને સ્વચ્છ બનાવીએ.

